૦૬/૦૮/૨૦૧૭

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દાહોદ અને જિલ્લા વહિવટી તંત્ર, દાહોદ દ્વારા મહિલા સશક્તિકરણ પખવાડિયા અંતર્ગત મહિલા કૃષિ દિવસની ઉજવણી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દાહોદ, જિલ્લા વહીવટી તંત્ર, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, દાહોદ દ્વારા મહિલા સશક્તિકરણ પખવાડિયા અંતર્ગત મહિલા કૃષિ દિવસની ઉજવણી તારીખ ૦૬.૦૮.૨૦૧૭ ના રોજ કૃષિ ઇજનેરી પોલિટેકનીક, આ.કૃ.યુ. દાહોદ ખાતે કરવામાં આવેલ. આ કાર્યક્રમની શરૂઆતમાં ઉપસ્થિત આમંત્રિત મહેમાનો તેમજ વિવિધ વિભાગના અધિકારીઓનું શ્રી વી. એમ. પટેલ, મદદનીશ ખેતી નિયામક (તાલીમ), ખેડૂત તાલીમ કેન્દ્ર, દાહોદ દ્વારા ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યુ. આ કાર્યક્રમના ઉદ્દઘાટક શ્રીમતી સંયુક્તાબેન મોદી, માન. પ્રમખશ્રી, નગરપાલીકા, દાહોદ, શ્રી કનૈયાભાઇ કિશોરી, ચેરમેન, એ.પી.એમ.સી., દાહોદ, શ્રી એસ. કે. પટેલ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી, દાહોદ, શ્રી એમ. પી. બગડા, જીલ્લા ખેતીવાડી અધિકારી, દાહોદ, ડૉ. યુ. એમ. પટેલ, વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, કે.વિ.કે. આ.કૃ.યુ. દાહોદ, શ્રી એન. વી. રાઠવા, પ્રોજેક્ટ ડાયરેક્ટર (આત્મા) અને ઇ/ચા નાયબ બાગાયત નિયામક, દાહોદ, ડો. કે. એલ. ગોસાઇ, નાયબ પશુપાલન નિયામક, દાહોદ તેમજ જિલ્લા વહીવટી વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહેલ. જેઓએ ખેડૂત મહિલાઓને પોતાના વિભાગોમાં ચાલતી વિવિધ યોજનાઓની સવિસ્તાર માહિતી આપેલ.

ત્યારબાદ તાંત્રિક સેશનમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દાહોદના વૈજ્ઞાનિકોશ્રીઓ ડૉ. એસ. કે. પટેલ, વૈજ્ઞાનિક (કૃષિ ઇજનેરી), પ્રો. એચ એલ. કાચા, વૈજ્ઞાનિક (બાગાયત), પ્રો. એન. ડી. મકવાણા, વૈજ્ઞાનિક (સસ્ય વિજ્ઞાન), પ્રો. જી. કે. ભાભોર, વૈજ્ઞાનિક (વિસ્તરણ શિક્ષણ) દ્વારા અનુક્રમે કૃષિમાં યાંત્રિકિકરણ, કિચન ગાર્ડનીંગ, સજીવ ખેતી અને આધુનિક ખેતીમાં જૈવિક ખાતરો જેવા વિષયો પર મહિલા ખેડૂતોને માહિતગાર કર્યા.

કાર્યક્રમના અંતે દાહોદ જિલ્લાની કુલ પાંચ પ્રગતિશીલ મહિલા ખેડુતોને શાલ ઓઢાડીને સન્માનિત કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં કુલ ૪૬૮ મહિલા ખેડૂત બહેનો, વિવિધ વિભાગના ૧૨ અધિકારીઓ, ૩૫ જેટલા વિસ્તરણ કાર્યકર્તાઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ.

૦૬/૦૮/૨૦૧૭




આમંત્રિત મહેમાનો તેમજ વિવિધ વિભાગના અધિકારીઓ




મહિલા ખેડુતોને શાલ ઓઢાડીને સન્માન



મહિલા ખેડુતો દ્વારા કે.વિ.કે. દાહોદના સ્ટોલની મુલાકાત



ભાગ લીધેલ મહિલા ખેડૂત બહેનો, અધિકારીઓ અને વિસ્તરણ કાર્યકર્તાઓ